

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*સાવચેતી વિના તંત્રનો નિર્ણય છે પારદર્શી!*
*સંચાલકો, બાળકો, વાલીની ચિંતા છે પારદર્શી!*
*સમૂહ-બઢતી કે લેવાસે, - પરીક્ષા પારદર્શી!*
*કોરોના કનડશે કે કેમ!! દ્વિધા છે પારદર્શી!*
*(આજથી અવઢવ વચ્ચે શરૂ થશે શાળાઓ)*

હાઈકુ

*થશે પરીક્ષા!*
*- સરકારની પણ -*
*શાળાઓ શરૂ...*

*કોરોના દૈત્ય,*
*બેઠો છે મોં ફાડીને -*
*રે'જો સાવધ!*

### ચિંતન

*યેન પુનાતિ યો વા પુનાતિ,*
*ઋષિ દૈવતા વા તત્ પવિત્રમ્ ॥*

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાથી લેવામાં ઓવેલ છે.

જેમનાથી પવિત્ર કરવામાં આવે અથવા જે પવિત્ર કરે એ ઋષિ કે દેવતાનું નામ 'પવિત્ર' છે.

સૌનું અજ્ઞાન હરનારા અને પરમાત્મ સ્વરુપનું જ્ઞાન પ્રદાન કરનારા હોવાથી પરમાત્મ પ્રાપ્ત મહાપુરુષ પવિત્ર છે. આવા મહાપુરુષોનો સત્સંગ કરનારાઓનું પણ અજ્ઞાન દૂર થવા લાગે છે. અને એમનાંમાં પવિત્રતા આવવા લાગે છે. જ્ઞાનથી તો અજ્ઞાનની નિવૃત્તિ થઈ જવાથી પાપની મૂળ સહિત નિવૃત્તિ થઈ જાય છે. આથી એના સમાન અન્ય કોઈ પવિત્ર કરનાર નથી.

અજ્ઞાન જ અપવિત્ર છે. આ સંસારના વિષયોનું સ્મરણ કરવાથી અપવિત્રતા આવશે અને ભગવાનનું સ્મરણ કરવાથી હૃદય પવિત્ર થઈ જશે.

### સુવિચાર

- મનુષ્યમાં સૌથી ભાગ્યશાળી તે કહેવાય છે...
  જેની પાસે ભોજનની સાથે ભૂખ છે, પથારી સાથે ઊંઘ છે, અને ધનની સાથે ધર્મ છે - **જીવન પાથેય**
- મને ડર અંધારાથી નથી, મને ડર અંધારામાં રાખવા વાળાથી છે - **એસ ભટ્ટાચાર્ય**
- યદિ સફલતા એક સુંદર પુષ્પ હૈ, તો વિનમ્રતા ઉસકી સુગંધ હૈ - **નિશાન પાર્થસારથી**
- લખતા અને વાંચતા શિક્ષક શીખવે છે,
  અલ્પવિરામ અને પૂર્ણવિરામ મુકતા અનુભવ શીખવે છે - **ડો. મફતભાઈ પટેલ**
- દિલમાં વસી ગયેલ નફરતને ભૂલી જવી એ પણ એ સ્વચ્છતા અભિયાન છે - **ધર્મલોક**
- 'હું' આ કરી શકું છું એ આત્મવિશ્વાસ છે, આ 'હું' જ કરી શકું છું અને અહંકાર છે - **હિના ફુલાલ**
- આજનું ઔષધ : લીલા નારિયેળના પાણીથી ચહેરો ધોવાથી ત્વચાના ખીલ, સનબર્નમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શેઠે વેપારમાં લોકોનું શોષણ અને સંગ્રહ કરી ખૂબ દૌલત એકઠી કરી. વૃદ્ધાવસ્થા આવતા આ ધન સાચવવાની તથા કરેલા ખરાબ કર્મોની તેને ચિંતા થવા લાગી. ઊંઘ હરામ થઈ ગઈ. તે એક સંત પાસે ગયો અને કહ્યું, 'ભય, અશાંતિ અને અસલામતિની આગમાં હું સળગી રહ્યો છું. કંઈક ઉપાય બતાવો. તમે જે માંગો છો તે આપવા તૈયાર છું.' સંતે કહ્યું, 'તમારી પાસે તો ખૂબ ધન છે, તમે ધારો તે એશ-આરામની ચીજ ખરીદી શકો છો.' શેઠે કહ્યું, 'મહારાજ, હું પણ એમ જ માનતો હતો. પણ આ જીવનસંધ્યા વખતે મને સમજાયું છે કે ધનથી શાંતિ ખરીદાઈ શકે નહીં.' સંતે ઉપાય બતાવતા કહ્યું, 'આ તમામ ધન જે ગરીબો પાસેથી ભેગું કર્યું છે તેમને વહેંદી દો, સાવ ખાલી થઈ અને મારી પાસે આવજો.' શેઠે તમામ ધન તમામ લાગતા વળગતાઓને પરત કર્યું અને સંતને મળવા આશ્રમ પર આવ્યો. આ વખતે સંત શેઠ પાસે અણધાર્યું વર્તન કર્યું. તેમણે શેઠને ધક્ક મારીને બહાર કાઢી મૂક્યો. શેઠે કરગરીને કહ્યું, 'મહારાજ, હું પહેરેલે લુગડે તમારી પાસે આવ્યો છું. તમારા સિવાય મારોકોઈ આશ્રય નથી.' સંતે તેને હડસેલીને દરવાજ બંધ કરી દીધા. ઘોર જંગલમાં નિરાશ્રિત શેઠ ઝાડને ટેકે બેસી વિચારે ચડ્યો, 'મારા આ મહાત્યાગ પછી પણ મારી સાથે આવો વ્યવહાર કેમ? મારા માટે તો ધનનો સંગ્રહ કે ધનનો ત્યાગ વ્યર્થ સાબિત થયા.' વિચારમાં એને માંડ ઊંઘ આવી. નિદ્રાધિન શેઠ પાસે ન ઘર, ન ગૃહસ્થી, ન ધન, ન વૈભવ કે ન ત્યાગ કંઈ જ રહ્યું ન હતું. સવાર પડી. પક્ષીઓનો કલરવ, ફુલોની સુગંધ વચ્ચે શેઠ જાગ્યા, શેઠ આજે ખરા અર્થમાં જાગ્યા. અકલ્પનીય શાંતિ અનુભવી. સદ્ગુરુને મળવા દોડ્યો. સંતે પૂછ્યું, 'હવે કેવું લાગે છે?' શેઠે કહ્યું, 'હાશ, હવે મને કંઈ જ જોઈતું નથી, કારણ કે હવે હું છું જ નહીં. અને જે છે એ જ પરમશાંતિ છે. પરમાત્મા છે, મોક્ષ છે, એવી મને અનુભૂતિ થઈ રહી છે.'

# અરેરાટી ઓછી પડે એવી કરુણાંતિકા

**તંત્રીસ્થાનેથી...**

નાગપુર નજીક ભંડારાની જિલ્લા જનરલ હોસ્પિટલમાં બનેલી દુર્ઘટના કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિના હૃદયને કંપાવી મૂકે એવી છે. માંદાં નવજાત શિશુઓના કેર યુનિટમાં મધરાત બાદ દોઢ વાગ્યે કદાચ શોર્ટ સર્કિટને લીધે ફાટી નીકળેલી આગ દસ નવજાત શિશુઓને ભરખી ગઈ અને વેળાસર પહોંચ્યા છતાં ફાયરબ્રિગેડ માત્ર સાત બાળકોને બચાવી શકી હતી. આવી કમનસીબ ઘટનાઓ દેશનાં અન્ય શહેરોમાં પણ બનતી રહે છે. ગુજરાતની કોવિડ હોસ્પિટલો એનું ઉદાહરણ છે. જીવનની મોંઘી મિરાત કોઈ હોઈ જ ન શખે તે રાજનેતાઓથી લઈ છેડાવાના નાગરિક સુધી તમામ સ્વીકારે છે. છતાં આવી દુર્ગટનાઓ બનતી જ રહે છે એમાં તંત્રની બેદરકારી અને સરકારી અધિકારીઓની સાથેની ચસમપોશી જેવાં કારણો જ તરી આવતાં હોવા છતાં સરવાળે કશું થતું નથી હોતું. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ તમામ સરકારી હોસ્પિટલોના ન્યૂ બોર્ડ કેર યુનિટોના સેફટી ઓડિટના આદેશો જારી કરીને તંત્રમાં રહેલી ખામીઓ દૂર કરવા અને સદરહુ દુર્ઘટના માટે જવાબદાર વ્યક્તિઓ સામે પગલાં ભરવાનો નિર્ણય કર્યો છે. તદુપરાંત મૃત બાળકોના પરિવારને પાંચ-પાંચ લાખ સહાય આપવાના આદેશો પણ થયા છે. પરંતુ માનવીના જીવથી દુનિયાની કોઈ ચીજ મોંઘી ન હોઈ શકે અને કરોડોનું વળતર અપાય તો પણ તે નિર્દોષ નવજાત શિશુની જિંદગીની સરખામણીએ સાવ જ ક્ષુલ્લક ગણાય. હજી માંડ માતાના ગર્ભાશયમાંથી બહાર આવી જિંદગીનો પ્રારંભ કરી રહેલાં બાળકો આમ માનવીય બેદરકારીનો ભોગ બની જીવતાં ભૂંજાઈ જાય કે ગૂંગળાઈને મરી જાય એથી વધુ શરમજનક અને આઘાતજનક બાબત બીજી કઈ હોઈ શકે? એક તરફ આપણે વિશ્વની મહાસત્તા બનવાની હોડમાં સામેલ થવાના કોડ સેવીએ છીએ, ચંદ્રયાન અને મંગળયાન જેવી અંતરિક્ષની અકલ્પનીય સિદ્ધિઓ અંકે કરીએ અને બીજી તરફ દરદીઓ જીવ બચાવવા હોસ્પિટલના શરણે આવે છે કે હોસ્પિટલમાં જ જન્મેલાં નબળાં બાળકોને ખાસ ન્યૂ બોર્ડ કેર યુનિટમાં રખાય છે એમને ઓચિંતાં જ આગને હવાલે થવા દઈએ તે કેવી વિડંબના છે! સંસ્કૃત અને પ્રગતિશીલ ગણાતા સંવેદનશીલ રાષ્ટ્ર માટે નવજાત શિશુઓ તો એનું ઊજળું ભવિષ્ય ગણાય. આવાં દેવદૂત સમાં બાળખોની આપણે અજાણપણે જ થયેલી ક્રૂર હત્યાની જવાબદારી કોની? માત્ર સરકાર ઉપર ઢોળી દેવાથી સમાજની જવાબદારી ઓછી થતી જતી નથી. આખરે કોઈ પણ સંસ્થા કે સરકાર સમાજમાંથી નીકળેલા પ્રતિનિધિઓ દ્વારા જ સંચાલિત થતી હોય છે. એટલે દરેક નાગરિકે આવી દુર્ઘટનામાં અજાણપણે પોતે પણ જવાબદાર હોવાનું સ્વીકારવું પડશે. આવી સામૂહિક જવાબદારીની ભાવના કેળવાશે તો જરૂર આવનારા દિવસોમાં આવી કમનસીબ ઘટનાઓનું પુનરાવર્તન થતું રોકી શકાશે. મોટા ભાગે આપણી મનોવૃત્તિ આગ લાગે ત્યારે કૂવો ખોદવાની રહ્યા કરતી હોય છે. આવી કોઈ કરુણાંતિકા બને ત્યારે થોડા દિવસો પૂરતી તકેદારી રખાય અને જેમ જેમ સમય પસાર થતો જાય તેમ તેમ ફરી પાછી 'વો હી રફતાર - બેઢંગી' ચાલુ થઈ જાય. ભારતીય નાગરિકોના માથે આવી મનોદશાનું આળ વર્ષોથી રહેતું આવ્યું છે. એમાં ભ્રષ્ટાચાર, અનાચાર, આળસ અને ફરજ પ્રત્યેની બેદરકારી ઉપરાંત સત્તાની સુમાખી જેવાં તત્ત્વો ભળે છે. તપાસ યોજાય છે અને પછી ધીમે રહીને એની માંડવાળ થઈ જાય છે. ગુનેગારને સખત નશ્યત થતી હોય તો આવા ગુનાનું પુનરાવર્તન જરૂર અટકાવી શકાય. આપણા દેશનું રાજકારણ પણ વગોવાયેલું છે. એ ગુનેગારને છાવતરું રહે છે. પરિણામે આવી અરેરાટી ભરી ઘટનાઓ વારંવાર એક યા બીજા સ્થળે બનતી રહે છે. આશા રાખીએ કે આ કરુણાંતિકા અંતિમ હોય અને એમાંથી મળેલ બોધપાઠ આપણા તંત્રની અને સમાજ સમસ્તની મેલી મથરાવટીને ચોખ્ખીચણાક કરવામાં મદદરુપ થાય. નિર્દોષ જીવોની શહીદી એળે ન જવી ઘટે.

# છૂટાછેડાનાં કારણો...



**સહેજ મલકીએ!**
**અનંત પટેલ**

અત્યાર સુધી આપણે છાપામાં કે સમાજમાં કોઈ છૂટા છેડા થયાના સમાચાર વાંચતા કે સાંભળતા તો તેમાં છૂટા છેડા થવાનાં કારણો લગભગ નીચેના પૈકી કોઈ એકાદ તો હોય જ...

- પતિ પત્ની એક બીજાને એડજસ્ટ ન થઈ શક્યાં હોય,
- સાસુ સસરા અને પતિ વગેરે દહેજની માગણી કરે જ જતાં હોય.
- પતિ દ્વારા કે અન્ય સાસરિયાં દ્વારા પત્નીને શારીરિક કે માનસિક ત્રાસ અપાતો હોય.
- પતિનુ કોઈ અન્ય સ્ત્રી સાથે અથવા પત્નીને કોઈ અન્ય પુરુષ સાથે અનૈતિક સંબંધ હોય.
- બંનેના લગ્ન પહેલાં બંનેની કોઈ બિમારીની બાબત છૂપાવવામાં આવી હોય.
- પતિ પત્નીને પૂરતો સમય ન ફાળવતો હોય અથવા તો પત્નીમાં ઉષ્માનો અભાવ હોય
- પત્નીને નોકરી ન કરવી હોય તો પણ પતિ અને તેનાં સાસરિયાં તેને નોકરી કરાવવા જ માગતાં હોય...

આ તો નમૂનારૂપ દર્શાવ્યાં છે આ સિવાયનાં બીજાં અનેક કારણો હોઈ શકે છે. ઉપરનાં કારણો છૂટા છેડા મેળવવા માટેનાં સહજ અને સ્વાભાવિક છે. તે વાજબી છે કે કેમ એ તો છૂટા છેડા આપનાર કે મંજુર કરનાર સંસ્થા કે આગેવાનોએ જોવાનું હોય છે. પણ હમણાં છાપામાં છૂટા છેડાની એક અરજી પતિના વધુ પડતા પ્રેમને કારણે થયેલ હોવાના સમાચાર વાંચવા મળ્યા અને પત્નીએ પતિને છૂટા છેડા માટે નોટિસ પણ મોકલાવી હોવાથી આ બાબતે અમારું આશ્ર્ચર્ય અનેક ઘણું વધી ગયું છે...

- શું પતિ પત્નીને પ્રેમ કરે એ ગુન્હો ગણાય ??
- પત્નીઓ જ્યારે પતિના પ્રેમ માટે તડપતી હોય છે ત્યારે આ પત્નીએ તો ખુશ થવું જોઈએ એના બદલે એણે છૂટા છેડા માગ્યા, આ તો ભાઈ ગજબ કહેવાય !!
- મોટા ભાગના પુરુષો કામ ધંધેથી થાક્યા પાક્યા આવતા હોવાથી એમને પ્રેમ કરવાનો ટાઈમ જ નથી મળતો....

આવા સંજોગોમાં આ પત્ની તો ભાગ્યશાળી ગણાય..

ભલે જે હોય તે પણ અમને તો આ પતિને કેટલીક શિખામણ આપવાનું મન અચૂક થાય છે, જો એ આનો અમલ કરશે તો એનું દાંપત્ય જીવન ટકી રહે એવી અમારી શુભેચ્છાઓ છે, અન્ય પતિદેવો પણ આનો ઉપયોગ કરશે તો સરવાળે એમને લાભ જ થશે....

- પત્નીનો મૂડ જોઈને જ પ્રેમ કરવો.
  આ બાબતે એને પૂછ્યા પછી જ આગળ વધવું,
- જીંદગી બહોત લંબી છે, ખોટી ઉતાવળ ન કરવી, જીંદગી ઉમ્મીદપે કાયમ હે...
  એ એકદમ સાચું છે...
- પત્નીના સ્વાસ્થ્યનું પૂરેપુરુ ધ્યાન રાખવું.
- પ્રેમ કરવા સિવાયનાં બીજાં જે કામ એને ગમતાં હોય તે કરી આપવાં.
- એના હૃદય પરિવર્તનની રાહ જોવી,
- પત્ની પ્રેમ કરવાની ના પાડે છે એવી ફરિયાદ કોઈને અને ખાસ કરીને એના પિયરિયામાં તો ન જ કરવી, --- વારે વારે એના રૂપનાં,રસોઈનાં અને ગુણનાં વખાણ જ કરવાં,
- એની સમક્ષ ભૂલથી ય બીજી કોઈ સ્ત્રીની પ્રશંસા ન થઈ જાય એની કાળજી લેશો. આટલું કર્યા પછી 'થોભો અને રાહ જૂઓ' વાળી નીતિ આ પતિ અખત્યાર કરશે તો એમની પત્ની છૂટાછેડાની નોટિસ અચૂક પાછી જ ખેંચી લેશે... એવું અમને લાગે છે.

મો.૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com

# બી, પછી કૂંપળ, પછી ડાળી, પછી ઉપર કળી મૂક; એમ મારી જિંદગીને પણ વ્યવસ્થિત સાંકળી મૂક



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

**બી, પછી કૂંપળ, પછી ડાળી, પછી ઉપર કળી મૂક;**
**એમ મારી જિંદગીને પણ વ્યવસ્થિત સાંકળી મૂક.**
**- અનિલ ચાવડા**

તમને નિશાળે મોકલવામાં આવે છે, કસરત કરવાનું કહેવામાં આવે છે (શરીર અને મન બંનેની), તે શું તમે ધારો છો કે તમને હેરાન કરવા માટે કરવામાં આવે છે ? ના, તમારે માટે આ વસ્તુઓ જરૂરની છે.

પોતાના વ્યક્તિત્વના ઘડતરમાં માણસને જે જે અનુભવોની જરૂર રહે છે તે બધા અનુભવો માણસે કોઈની પણ મદદ વિના જો કેવળ પોતાની મેળે જ મેળવવાના રહે, તો તો પછી તમે અસ્તિત્વમાં આવવાનું કાર્ય શરૂ કરો તે પહેલાં જ તમારું મૃત્યુ થઈ જાય. અને એટલા માટે જ આપણા જીવનમાં આપણે બીજાના અનુભવોનો ઉપયોગ કરી લેવાનો રહે છે. સેંકડો અને હજારો વર્ષોથી માણસજાતિ પોતાના આ અનુભવોનો સંચય કરી રહેલી છે. અને જે લોકો પાસે આ અનુભવો હોય છે તે તમને કહેતા રહે છે કે, તમારે ઝપથી આગળ વધવું હોય, જે વસ્તુને શીખતાં સેંકડો વર્ષો લાગ્યાં છે તે તમારે થોડાંક વરસોમાં જ જો શીખવી હોય, તો પછી આ કરો, તે કરો, આ રીતે કરો, તે રીતે કરો, વાંચન કરો, અભ્યાસ કરો. અને એમ તમે એક વાર તમારા રસ્તે ચડી જશો તો પછી, તમારામાં જો પ્રતિભાની શક્તિ હશે તો તમે વિકાસની તમારી પોતાની પદ્ધતિ પણ શોધી લઈ શકશો. પણ શરૂઆતમાં તો તમારે કેવી રીતે પોતાના પગ પર ઊભા રહેવું, કેવી રીતે ચાલવું એ શીખવાનું જ રહે છે. પોતાની મેળે જ બધું કરવું એ કોઈ સહેલી વાત નથી. એટલા માટે તો માણસને કેળવણીની જરૂર રહે છે.

કેટલાંક બાળકો ઘણાં અવ્યવસ્થિત હોય છે. વસ્તુઓને સુઘડ રીતે કેમ રાખવી. એ તેમને આવડતું નથી હોતું. વસ્તુઓ સાચવવી કેવી રીતે, એ પણ એમને આવડતું નથી. તેઓ વસ્તુઓને ખોઈ નાખે છે યા તો બગાડી મૂકે છે.

કેટલાંક બાળકો પોતાનાં કપડાં ઉતારીને ગમે તેમ, આડા-અવળાં ફેંકી દે છે, અથવા પોતાનું કામ કરી લીધા પછી પોતાનાં પુસ્તકો, કાગળ-પેન્સિલ કે ખડિયોકલમ પોતે ક્યાં મૂકી દે છે તેનો તેમને ખ્યાલ પણ નથી રહેતો. ફરી પાછું જ્યારે કામ કરવાનું આવે છે ત્યારે આ બધાંને શોધવાં કે ભેગાં કરવાં એ ભારે કામ થઈ પડે છે. આ બધું એટલું જ બતાવે છે કે બાળકની પ્રકૃતિમાં કશી શિસ્ત નથી, એના માનસમાં કોઈ પદ્ધતિ નથી. આવું બાળક માત્ર બાહ્ય રીતે નહિ પણ એની અંદરમાં પણ અવ્યવસ્થિત હોય છે. કેટલાક માણસો તો સ્થૂલ વસ્તુઓ પ્રત્યે પોતાને કદાચ મહાપુરુષ માની લઈને, તિરસ્કાર પણ ધરાવતા હોય છે. પરંતુ શ્રીઅરવિંદ કહે છે કે જે લોકો વસ્તુઓની સંભાળ રાખી શકતા નથી તેઓ એ વસ્તુઓને રાખવાને લાયક જ હોતા નથી. એવા લોકોને વસ્તુઓ માગવાનો હક જ નથી. અને હું કહું છું કે આવી મનોદશા પાછળ એક રીતનો ઉગ્ર અહંકાર જ હોય છે, એક ઘણો જ મોટો આંતરિક ગોટાળો હોય છે.

કેટલાક લોકોના ઓરડા જોશો તો બહુ સ્વચ્છ અને સુઘડ દેખાતા હોય પણ તેમનું કબાટ ખોલીને જોશો, ટેબલનું ખાનું ઉઘાડશો તો ત્યાં તમને એ સમરાંગણ જેવું નજરે પડશે. અંદર જોશો તો બધું ભેળસેળ પડેલું હશે. આવા લોકો : મગજ પણ એવી જ હાલતમાં હોય છે. તેમના કબાટમાં વસ્તુઓ પડેલી હોય છે તેવી જ રીતે તેમના નાનકડા મગજમાં પણ વિચારો સેળભેળ પડેલા હોય છે. આ લોકોને પોતાના વિચારોને વ્યવસ્થિત કરેલા હોતા નથી, બરાબર ગોઠવેલા નથી હોતા.

આ વસ્તુને તમે એક પાક નિયમ તરીકે સમજી લેજો. મેં એક પણ માણસ એવો જોયો નથી કે જે પોતાની વસ્તુઓને ગમેતેમ પડી રહેવા દેતો હોય અને છતાં તેનું મગજ બુદ્ધિપૂર્વક કામ કરતું રહેતું હોય. એવી વ્યક્તિના મગજમાં વસ્તુઓની પેઠે વિચારો પણ ગમેતેમ આડાઅવળા પડેલા હોય છે. કશા પણ મેળ વિનાના એકબીજાથી તદન વિરુદ્ધના એવા વિચારો તેના મગજમાં એક જાળું બનીને પડેલા હોય છે.

પણ હું તમને એક વ્યક્તિની વાત કહીશ. એ વ્યક્તિ પુસ્તકો અને કાગળોના ઢગલાની વચ્ચે જ રહેલી હતી. તમે એમના ખંડમાં દાખલ થાઓ તો તમને જ્યાં જુઓ ત્યાં પુસ્તકોના અને કાગળોના ગંજ પર ગંજ ખડકાયેલા દેખાય. પણ તમે જો ભૂલેચૂકે એમાંથી એક પણ ચીજને આઘીપાછી કરી, તો તમારું આવી જ બન્યું સમજવું ! એ વાતની એમને બરાબર ખબર પડી જવાની અને એ તરત જ પૂછવાના કે એમના કાગળોને કોણે હાથ અડાડ્યો છે. એમના ઓરડામાં કેટલીયે ચીજો રહેતી. અને તમે અંદર દાખલ થાઓ તો કેવી રીતે ચાલવું એ પણ સમજાય નહિ. પણ એ ઓરડામાંથી દરેક ચીજનું – નોટબુકો, પત્રો, કાગળો, એમ દરેકનું – પોતાનું ચોક્કસ સ્થાન હતો બધું વ્યવસ્થિત રીતે ગોઠવાયેલું રહેતું. એમાં તમે કોઈ પણ ફેરફાર કરો તો તેની ખબર પડી જ જાય. આ વ્યક્તિ તે શ્રી અરવિંદ હતા. અર્થાતુ, સુવ્યવસ્થા એટલે દરિદ્રતા એમ તમારે કદી સમજવાનું નથી. તમારી પાસે થોડીએક વસ્તુઓ હોય. દસ, બાર પુસ્તકો અને થોડી અમથી ચીજો હોય, તો તો તમે સહેલાઈથી એ બધું વ્યવસ્થિત રાખી શકો છો. પણ આપણું લક્ષ્ય તો એ છે કે તમારી પાસે ઘણી ઘણી વસ્તુઓ હોય અને તેમાં તમે એક પદ્ધતિસરની, બુદ્ધિપૂર્વક એક સજ્ઞાન રીતની વ્યવસ્થા ઊભી કરી હોય. અને એ માટે એક વ્યવસ્થાશક્તિની જરૂર રહે છે. આ શક્તિ દરેક જણમાં હોવી જોઈએ, દરેક જણે મેળવવી જોઈએ. બેશક તમે શારીરિક રીતે અશક્ત હો, તમે બીમાર હો અથવા તો અપંગ થઈ ગયા હો અને તમારામાં પૂરતી શક્તિ ન હોય તો એ જુદી વાત છે. પણ એમાં પણ પાછી અમુક હદ તો હોય જ છે. મેં એવા માંદા માણસો પણ જોયા છે કે જે તમને કહેશે કે "પેલું ખાનું ખોલો તો જરા એમાં ડાબી બાજુએ કે જમણી બાજુએ કે પછી તળિયાના ભાગમાં અમુક અમુક ચીજ તમને મળશે.' લોકો પોતે હાલી ચાલી શકતા નહોતા, વસ્તુઓની લે-મૂક કરી શકતા નહોતા, પણ તે ક્યાં રહેલી છે તે બરાબર જાણતા હતા. આવા દાખલાઓ બાદ કરીએ તો પણ આપણો આદર્શ તો વ્યવસ્થા માટેનો, સંગઠન અને સુયોજન માટેનો જ હોય. દા.ત. તમે એક લાઈબ્રેરી લો. ત્યાં હજારો હજારો પુસ્તકો હોય છે. પણ તે બધાં જ ગોઠવેલાં, વર્ગીકરણ કરેલાં, ચોપડામાં નોંધાયેલાં હોય છે. પુસ્તકનું તમે માત્ર નામ જ બોલો અને થોડીક જ મિનિટમાં એ આવીને તમારા હાથમાં પડે છે.

તમારી પ્રવૃત્તિને તમારે આ રીતે જ વ્યવસ્થિત કરવી જોઈએ. તમારે તમારી પ્રવૃત્તિ કાળજીપૂર્વક પસંદ કરવી જોઈએ. તમારાથી થઈ શકે તેટલું જ કામ માથે લેવું જોઈએ અને તેને બરાબર પાર પાડવું જોઈએ. ઘણી વાર તમે વધુ પડતું કામ માથે લઈ લો છો અને એ કામમાં ઘણી વસ્તુઓ નકામી પણ હોય છે. એ નકામી વસ્તુઓને તમે કાઢી નાખી શકો છો યા તો ઠીક ઠીક ઓછી કરી શકો છો.

કામ કરવામાં આપણો જે વખત જાય છે તેને ઘટાડવાની પણ એક રીત છે. એ રીત છે તમારી એકાગ્રતામાં વધારો કરતા રહેવાનો. એ માટે પ્રથમ તો તમે તમારા મનને શાંત પાડી દો. અને એ શાંત અવસ્થામાં એકાગ્ર બનતા જાઓ. આવી રીતે કામ કરતાં, પહેલાં જે વસ્તુમાં સામાન્ય રીતે એક આખો કલાક ચાલ્યો જતો હતો તે હવે તમે તેથી ચોથા ભાગમાં કરી શકશો. અને એ રીતે તમારો ખૂબ ખૂબ વખત બચી જશે.

આમાં એક બીજી વસ્તુ પણ છે. એક કામ પૂરું કર્યા પછી હંમેશાં તરત જ બીજું કામ ન ઉપાડતા, કામ પૂરું કરીને થોડો આરામ કરી લો. એમાંથી કામ કરતી વેળા તંગ બની ગયેલાં તમારા સર્વ અંગોને આસાયેશ મળશે, એમાં એક નવી શક્તિ પુરાશે અને પછી પાછા તમે એકાગ્રતાનો બીજો હમ્રો શરૂ કરી શકશો.

- શ્રીમાતાજી

- nehalgadhavi101@gmail.com


# ચેક પેમેન્ટના નિયમોમાં ફેરફાર



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

S.B.I. એ ગ્રાહકો માટે બદલી નાખ્યા છે ચેક પેમેન્ટના નિયમો. દેશની સૌથી મોટી સરકારી બેન્ક ભારતીય સ્ટેટ બેન્કે ચેક પેમેન્ટને લઈને નવો નિયમ લાગૂ કરવામાં આવ્યો છે. આજથી પોઝેટીવ પે સિસ્ટમ લાગૂ કરી દેવામાં આવી છે. આ નિયમ મુજબ જો ચેક રૂા. ૫૦,૦૦૦/- થી વધુની ચૂકવણી કરવા માટે જઈ રહ્યા છો તો તમારે તેને લગત ચેક લખ્યા બાદ બેન્કને પુરી જાણકારી આપવાની રહેશે. તેનાથી ચેક જારી કરનારને પેમેન્ટના સમય છેતરપીંડીથી બચવામાં મદદ મળશે.

R.B.I. ગવર્નરે મૌહિક જાતિ સમિતિ એટલે કે એમ.પી.સી. ની બેન્કમાં આ નવી સિસ્ટમને લાગૂ કરવાનું એલાન કર્યુ હતું. જે અનુસાર રૂા. ૫૦,૦૦૦/- થી વધુની ચૂકવણી જો ચેકથી કરવામાં આવે તો તેની પૂરી જાણકારી ફરીથી બેન્કને આપવી પડશે. આમ નહી કરવાથી તમારૂં પેમેન્ટ રોકી દોવામાં આવશે.



પોઝેટીવ પે સિસ્ટમ મુજબ સૌપ્રથમ ચેક લખનારે રૂા. ૫૦,૦૦૦/- થી વધારે રકમનો લખવાનો હોય તો ડીટેલને પેમેન્ટ કરવાનો નવો નિયમ ૦૧/૦૧/૨૦૨૧થી અમલમાં મૂક્યો છે. જેનું એલાન ગર્વનરે M.P.C. ની મિટીંગમાં અગાઉથી જ કરી દિધેલ હતું. જેનો દેશની સમગ્ર બેન્કે અમલવારી કરવાની રહેશે.

પોઝિટીવ પે સિસ્ટમ એક ઓટોમેટીક ટુલ છે. જે ચેક દ્વારા છેતરપીંડી કરવા પર લગામ લગાવશે. આ સિસ્ટમ અંતર્ગત ચેક જારી કરનાર વ્યક્તિને S.M.S., મોબાઈલ એપ, ઈન્ટરનેટ બેન્કીંગ અથવા છ્.ર.જેવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી ચેક સાથે સંબંધિત કેટલીક જાણકારી આપવાની રહેશે. તે અંતર્ગત ચેકની તારીખ, લાભાર્થીનું નામ, પ્રાપ્ત કર્તા અને પેમેન્ટની રકમ વિશે જણાવવાનું રહશે. તે બાદ ચેક પેમેન્ટ પહેલા આ જાણકારીઓને ક્રોસ ચેક કરવામાં આવશે. જો તેમાં ગરબડ જણાશે તો ચેકનું પેમેન્ટ કરવામાં આવશે નહી. સાથે જ સંબંધિત બેન્ક શાખાઓને આ અંગે જાણકારી આપવામાં આવશે. R.B.I. એ જણાવ્યું છે કે, આવી સ્થિતિમાં જરૂરી પગલા લેવામાં આવશે.

સામાન્ય રીતે તમામ સરકારી કે ખાનગી બેન્કો પોતાના ગ્રાહકોને S.M.S. દ્વારા એલર્ટ , બ્રાન્ચ, એ.ટી.એમ., વેબસાઈટ અને ઓનલાઈન બેન્કીંગ દ્વારા પોઝિટીવ પે સિસ્ટમ ના ફાયદા વિશે જાણકારી આપી બેન્ક ખાતા ધારોકને એલર્ટ કરી રહી છે. ખાતામાં પેમેન્ટ ના હોય છતા હવે ખાતાધારક ખોટા ચેકો લખી શકશે નહી. તેમ કરવાથી તેનું ખાતુ સ્વીઝ કરવામાં આવશે તથા આપેલા ચેકો રદબાતલ ગણાશે. ભવિષ્યમાં બેન્ક આવા ગ્રાહકના ચેકો સ્વીકારશે નહી. જેથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૩૮એ મુજબ ચેક રીટર્નમાં થતો વિલંબ તથા કાયદાકીય ટેકનીકલ રીતે ચેક લખનાર બચી શકરે નહી. તેમજ જેમને નાણાં લેવાના નીકળે છે તેમને લીગલી સમય જે કોર્ટ કચેરીનો બરબાદ થતો હતો તે બચશે તથા તાત્કાલિક ચેક રીટર્ન અંગે છેતરપીંડી ની ફરીયાદ ચેક સ્વીકારનાર ચેક આપનાર ઉપર બેન્કના મેમોરેન્ડમના આધારે કરી કાયદાકીય પગલા લઈ ન્યાય મેળવી શકશે. આ સિસ્ટમથી ખોટા ચેકો લખનાર તથા નાણાં ના હોવા છતાં વાયદા કરનાર ચેક આપી પરત કરાવી જરૂરી લીગલ સમય વેડફનારામાં ફફડાટ ફેલાયો છે. હવેથી પોઝીટીવ પે સિસ્ટમથી ચેકો બેન્કમાંથી પણ કરવાના બનાવો સદંતર બંધ વિશે જેની અસર નેગોશિયેબલ ઈન્સ્ટ્રુબેન્ટ એક્ટની કલમ : ૧૩૮એ ઉપર પડશે, પરંતુ લોકોના નાણાકીય વ્યવહારો ચોક્કસ સુધરશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in